ગાંધીનગર ગ્રામ્ય અન્ડર-૧૯ શાળાકીય કબડ્ડી સ્પર્ધામાં ચિલોડા હાઈસ્કૂલની ટીમ વિજેતા

ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળ આયોજિત ગાંધીનગર ગ્રામ્ય અન્ડર-૧૯ શાળાકીય જિલ્લાકક્ષાની કબડ્ડી બહેનોની સ્પર્ધા તાજેતરમાં અમદાવાદ પબ્લીક સ્કૂલ ભાટ ખાતે યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાનપદે કેમ્પસ ડાયરેક્ટર ગાર્ગીબેન શર્મા, ગુજરાત વ્યાયામ મંડળના મહામંત્રી આર.કે. ચૌધરી, જિલ્લા રમતગમત અધિકારી દત્તા સાહેબ, જિલ્લા વ્યાયામ મંડળના મહામંત્રી જે.બી. ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાની કબડ્ડી અન્ડર ૧૯ની સ્પર્ધામાં વિજેતા જાહેર થતાં માર્ગદર્શક શાળાના વ્યાયામ શિક્ષક પ્રિતેશભાઈ પટેલ તથા આચાર્ય ચીમનભાઈ પટેલે શાળાનું ગૌરવ વધારનાર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

પેથાપુર ખાતે ૨ ૨ લાખના ખર્ચે સ્ટ્રીટલાઈટના કામનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૬

ગુડા કચેરી દ્વારા ટી.પી. સ્કીમ નં. ૧૬ (પેથાપુર) ખાતે હાલ વિકસીત

થયેલાં કે વિસ્તારમાં જેમાં સિદ્ધરાજ સોસાયટી, ઉર્જાનગર સોસાયટી, સિદ્ધિવિનાયક, મંગલમુર્તિ, સ્વપ્રવિલા-૧, સ્વપ્રવિલા-૨, વિવિધ સોસાયટીને જોડતાં ગુડાની ટી.પી. રોડ ઉપર સ્ટ્રીટલાઈટ નાખવાનું કામ રૂ. ૨ ૨ લાખના કામનું લોકાર્પણ કરવામાં આવેલ.

પેથાપુર નગરપાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનિષભાઈ પટેલ, ભારતીય જનતા પાર્ટીના નેતા શાસક પક્ષના નેતા દિલિપસિંહ પૃથ્વીસિંહ વાઘેલા, પેથાપુર શહેર સંગઠ્ઠન પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠન મહામંત્રી ઠાકોર મહેશજી, નગરપાલિકાના કોર્પોરેટર પટેલ લક્ષ્મીબેન, કોર્પોરેટર હરેશસિંહ લાલસિંહ, કોર્પોરેટર રાજેન્દ્રસિંહ હરિસિંહ વાઘેલા તથા સિદ્ધરાજ સોસાયટી, ઉર્જાનગર સોસાયટી, સિદ્ધિવિનાયક, મંગલમુર્તિ, સ્વપ્ન વિલા-૧ તથા ૨ ના પ્રમુખો તથા રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર રનર્સ ગ્રુપના ૪૫ સભ્યોએ ૧૧ કિમી સાથે દોડીને ફ્રેન્ડશીપ ડે ને યાદગાર બનાવ્યો

ગાંધીનગર રનર્સ ગ્રુપના સભ્યો દર રવિવારે પૂનિતવન ભેગા થઈને સાથે દસ કિમીની દોડ લગાવતા હોય છે. આજે ફ્રેન્ડશીપને યાદગાર બનાવતા ગાંધીનગર-અમદાવાદના મળીને કુલ ૪૫ સભ્યોએ વહેલી સવારે આજે ૧૧ કિમીની દોડ લગાવી હતી. આ ગ્રુપના ચાર સભ્યો ડૉ. રમેશબાબુ ગટ્ટુ, વિરલ પટેલ, દિગંબર પાંડે અને દિલીપ શર્મા કે જેઓએ આજે ૧૦૦ દિવસના રનિંગ મિશનને હાંસલ કર્યું હતું. એમનું સન્માન કરવામાં આવ્યું. આ ચારેય જણા છેલ્લા સો દિવસથી એવરેજ રોજનું દસ કિમી દોડતા હતા. આ દરેક સભ્યોએ લગભગ એક હજારથી બારસો કિમીની રનિંગ આજના દિવસે પૂર્ણ કરી હતી. આ ગ્રુપના સભ્ય ભાવેશ એરડાને જોઈન્ટ સેક્રેટરીનું પ્રમોશન મળતા એમણે સૌને મિઠાઈ ખવડાવી હતી. આજે આ ગ્રુપના સભ્ય સાથે અમદાવાદના પણ પાંચ સભ્યો જોડાયા હતા. જે પૈકી પિંકી વ્યાસે સૌ સભ્યોને વહેલી સવારે ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધ્યો હતો. આ મિત્રોએ સાથે મળીને ૧૧ કિમી રનીંગ સાથે કરીને આ ફ્રેન્ડશીપ ડેને યાદગાર બનાવ્યો હતો. રવિવારે વહેલા ઉઠી, સાથે દોડવાની અને એકબીજાને પ્રોત્સાહીત કરવાની આ પ્રવૃત્તિમાં શહેરના વિવિધ ક્ષેત્રના નામી-અનામી સભ્યો જોડાયેલા છે.

વાવોલમાં જોખમી ખાડાઓ પ્રત્યે તંત્રનું દુર્લક્ષ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલ પ્રત્યે તંત્રનું ઓરમાયું વર્તન થતુ હોવાની અવારનવાર ફરિયાદો ઉઠવા પામી છે. તાજેતરમાં અષાઢી વરસાદના કારણે વાવોલના ગુડા વિસ્તારના મુખ્ય માર્ગો પર પડેલા મસમોટા ખાડાઓના કારણે વાહનચાલકો પર ભારે જોખમ તોળાઈ રહ્યું છે. તો બીજી તરફ આ ખાડાઓમાં ભરાઈ રહેલા વરસાદી પાણીમાં રોગજન્ય જીવાઓ જેવા કે માખી-મચ્છર વગેરેની ઉત્પત્તિ વધતા રોગચાળો ફેલાવાનો ભય પેદા થવા પામ્યો છે.

વાવોલમાં 'ક'રોડને એડીટેન્શન રોડ જે શાલીન ચોકડીથી ઉવારસદ તરફ જાય છે તેના પર ખૂબ જ મોટા ખાડા પડી જવા પામ્યા છે. આશરે દસેક દિવસથી પડેલા આ ખાડાઓ છેલ્લા ચારેક દિવસથી વરસાદ અટકવા છતાં જેમના તેમ રખાયા છે જેના કારણે વાહનચાલકો માટે જોખમરૂપ બનવા પામ્યાં છે. આ માર્ગ પર કેટલેક ઠેકાણે તો ચારથી પાંચ ફૂટના વ્યાસવાળા આશરે એકથી દોઢ ફૂટ ઊંડા ખાડા પડી જવા પામ્યા છે. વળી, આ ખાડાઓ રોડની

વચ્ચોવચ પડ્યાં હોવાથી તમામ પ્રકારના વાહનો ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો તથા શાળાએ સાયકલ લઈને જતા બાળકો માટે અકસ્માતના જોખમ સમાન બન્યાં છે. વળી, આ ખાડાઓમાં વરસાદી પાણી પણ ભરાયેલુ હોવાને કારણે તેમાં મચ્છરો તથા માખી જેવા રોગજન્ય જીવાણુઓની ઉત્પતિના સ્થાન બન્યાં છે. જેના કારણે આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ભય પ્રવર્તી રહ્યો છે.

વરસાદ અટકવાને ગણા દિવસ વિતવા છતાં આ ખાડાઓને પુરવાની તસ્દી લેવામાં તંત્રએ દર્શાવેલી ઉદાસિનતાને કારણે આ વિસ્તારની જનતામાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

'માતાનું દૂધ બાળક માટે પ્રેમના સેતુ સમાન'

ગાંધીનગરના સે. ૧૨ ખાતેની સી.એમ.પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે 'વિશ્વ સ્તનપાન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. ઈન્ડિયન એકેડમી ઓફ પિડિયાટ્રીક તથા નર્સિંગ કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ ઉજવણીમાં આયોજિત સેમિનાર દરમ્યાન વિદ્યાર્થીનીઓએ સ્તનપાન વિષયે પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ભાગ લઈ અનેકવિધ પોસ્ટર્સ બનાવ્યાં હતા અને ઈનામો પણ જીત્યા હતા.

બ્રેસ્ટ ફીડીંગ અવેરનેસ સેમિનારમાં ડૉ. પ્રફુલ પટેલે વિદ્યાર્થીનીઓને સ્તનપાનનું મહત્વ સમજાવતા કહ્યું કે 'માતાનું દૂધ એ પ્રેમનો સેતુ છે અને તેના થકી જ બાળકનો શારિરિક અને માનસિક વિકાસ થાય

છે.' આ પ્રસંગે ગાંધીનગરના બાળરોગ નિષ્ણાંત ડૉ. વિપુલ ચૌહાણે વિદ્યાર્થીનીઓને પ્રવર્તમાન સ્તનપાન અંગેની ગેરમાન્યતાઓથી વાકેફ કરી સાચુ માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ડૉ. ધારાબેને બોટલ ફિડીંગથી બાળકને થતા ગેરફાયદા અંગે પણ સચેત કર્યા હતા. આ સેમિનારમાં ડૉ. સીમાબેને 'કાંગારૂ મધર કેર' વિશે વિડિયો તથા પ્રેક્ટિકલ નિદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીનીઓને નર્સિંગ સેવાઓનું આ વિષયે મહત્વ સમજાવાયુ હતુ. આ સેમિનારનું આયોજન નર્સિંગ કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ફાલ્ગુની મોદીના માર્ગદર્શનમાં પ્રો. હિમાલી પ્રજાપતિએ જહેમત ઉઠાવી કર્યુ હતું. આ પ્રસંગે કોલેજના કેમ્પસ ડાયરેક્ટર આર.જે. વ્યાસ ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા તૈયાર કરવામાં આવેલ કીટ તેમજ વિવિધ સભ્યો અને અગ્રણીઓ દ્વારા મળેલ સહાય સામગ્રીનું આજે બનાસકાંઠા જિલ્લાના સુઈગામ અને રાજપુર ગામે જિલ્લા પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, જિલ્લા આયુર્વેદ અધિકારી, સહકારી રજીસ્ટ્રાર (પંચાયત) તેમજ પંચાયત સદસ્યા કીર્તિબેન પટેલ, સદસ્ય ભાવિનસિંહ ઠાકોર ઉવારસદના અગ્રણી મહોતજી ઠાકોર, સવધાનજી ઠાકોરની હાજરીમાં વ્યક્તીગત વિતરણ કરાયુ તેની તસવીર.

શહેરના બાગ-બગીચા યુવાવર્ગથી ઉભરાયા

આઈસક્રીમ પાર્લર તેમજ ખાણીપીણી બજારમાં ભારે ભીડ જામી

ગાંધીનગર, તા. ૬

ફ્રેન્ડશીપ ડે ના દિવસે આજે શહેરના બાગ-બગીચા તેમજ આઈસ્ક્રીમ પાર્લરોપર યુવાવર્ગની ભારે ભીડ જોવા મળી હતી. મિત્રોના હાથે ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી દીધા પછી ગ્રુપમાં આઈસ્ક્રીમ ખાઈને ઉજવણી કરતા નજરે પડ્યા હતા.તો બીજીતરફ શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન તેમજ સે-૨૮ સહિતના ગાર્ડનમાં ફ્રેન્ડ સર્કલ મોજ મસ્તી કરતા જોવા મળ્યા હતા. રવિવારની રજા હોવાથી ટીનેજર્સનો આનંદ બેવડાયો હતો. જયારે જમવા માટે શહેરની હોટલ તેમજ રેસ્ટોરન્ટમાં પણ લાબી લાઈનો લાગી હતી. આવતીકાલે રક્ષાબંધનનું પર્વ અને આજે હેપ્પી ફ્રેન્ડશીપ ડે એટલે સવારથી સાંજ સુધી શહેરના માર્ગો પર ટ્રાફિકની ભારે જમાવટ રહી હતી. શહેરના સેકટર-૧ તળાવ, પુનિતવન, સે-૨૮ ગાર્ડન, ઘ-૪ સ્વર્ણીમ પાર્ક ટીનેજર્સથી ઉભરાતા હતા. સવારથી જ ગ્રુપમાં નવયુવાનો નીકળી પડ્યા હતા. શહેરના બાગ બગીચા નવયુવાનોની દોસ્તીની ખટ્ટમીઠી વાતો સાંભળી જાણે હરખાયા હોય તેવું લાગતું હતું. શહેરમાં દિવસ દરમિયાન માર્ગો પર ટ્રાફિક વધુ જોવા મળ્યો હતો. શહેરના ઘ-૨, ઘ-૪, ઘ-૫ સહિત ઈન્ફોસીટી, ન્યુ ગાંધીનગર સહિતના આઈસ્ક્રીમ પાર્લરો પર યુવાવર્ગ ભારે જમાવડો કરીને બેઠો નજરે પડી રહ્યો હતો. તેવી જ હાલત શહેરની હોટલ અને રેસ્ટોરન્ટની પણ થવા પામી હતી. તેમાં પણ જમવા માટે વેઈટીંગમાં બેસવુ પડયુ હતું. પરંતુ સામાન્ય દિવસ કરતા આજે ફ્રેન્ડશીપ ડે અને આવતીકાલે રક્ષા બંધનને પગલે શહેરમાં મુસાફરોની સંખ્યામાં પણ વિશેષ વધારો નોંધાયો હતો.

મોટા ચિલોડા ઓમ લેન્ડ માર્ક ખાતે તાલુકા જિલ્લા કક્ષાનો કલા મહાકુંભ મહોત્સવ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ઓમલેન્ડમાર્ક શાળા ખાતે તાલુકા જિલ્લાનો કલા મહાકુંભ ૨૦૧૭ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓમલેન્ડ માર્ક શાળા સ્કુલ બેન્ડ, લોકનૃત્ય, રાસ, સુગમસંગીત, ગરબા વગેરે સ્પર્ધામાં પ્રથમ ક્રમે તેમજ ગીત સ્પર્ધામાં દ્વિતિય ક્રમે વિજેતા બન્યા હતા. કલા મહાકુંભ તાલુકા વિભાગમાં ઓમલેન્ડ માર્ક ચિલોડા મોટાના યજમાનપદે યોજાયો હતો. આ કાર્યક્રમ પ્રસંગે અધ્યક્ષસ્થાને અશોકભાઈ રાવળે ઉપસ્થિત રહી સૌ મહાનુભાવોનું સ્વાગત કરી આવકાર્યા હતા.

રતનપુર લાટ પ્રાથમિક શાળાના બાળકોએ ઊનમાંથી રાખડી બનાવી

તાલુકાના મગોડીલાટ ગામમાં આવેલ એકમાત્ર રતનપુર લાટની પ્રાથમિક શાળાના બાળકોએ રક્ષાબંધનની ઉજવણી અનોખી રીતે કરી હતી. આ કાર્યક્રમમાં શાળામાં ભણતા તમામ બાળકોએ જાતે ઉનના દડામાંથી બનાવેલી રાખડીઓ કન્યાઓએ શાળઆના ભાઈઓને હાથે રાખડી બાંધી રક્ષાબંધન તહેવારની ઉજવણી ઉત્સાહભેર કરી હતી. આ બાળકોએ બજારમાં મળતી મોંઘીદાટ રાખડીની જગ્યાએ સાદી-સસ્તી સ્વદેશી ભાવનાથી બનાવેલી હસ્તકલાને ઉજાગર કરવા બાળકોએ તહેવારમાં શુભ સંદેશો વ્યક્ત કર્યો હતો.

રાજ્યસભાની ચૂંટણીમાં ૧૯૯૪ જેવો માહોલ; એ સમયે કનકસિંહ હતા આ સમયે બલવંતસિંહ છે

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓને સરકારમાં સલાહકારની પોસ્ટ આપવી જોઇએ

ગુજરાતમાં ખાલી પડતી રાજ્યસભાની ત્રણ બેઠકોની ચૂંટણીમાં માહોલ ૧૯૯૪ જેવો છે. એ સમયે પણ શંકરસિંહ વાઘેલા કેન્દ્રસ્થાને હતા અને અત્યારે પણ તેઓ કેન્દ્રસ્થાને છે. શંકરસિંહ વાઘેલાએ ચીમનભાઈ પટેલના જનતાદળમાં ક્રોસ વોટીંગ કરાવીને કનકસિંહ માંગરોળાના ભાજપની વધારાની બેઠક પર જીતાડી દીધા હતા. આ સમયે ભાજપના સત્તાવાર કેન્ડિડેટ આનંદીબહેન પટેલ હતા, જ્યારે ચીમનભાઈ પટેલના સત્તાવાર ઉમેદવાર જે.વી.શાહનો પરાજય થયો હતો. ૨૦૧૭માં સ્થિતિ પણ કંઈક આવી જ છે. ભાજપના બે ઉમેદવાર અમિત શાહ અને સ્મૃતિ ઈરાની સત્તાવાર ઉમેદવાર છે, જ્યારે બલવંતસિંહ રાજપૂત વધારાના ઉમેદવાર છે અને તેમને કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર અહમદ પટેલને હરાવવા માટે ઉભા રાખવામાં આવ્યા છે. જોઈએ હવે ૮મી ઓગષ્ટે પરિણામ શું આવે છે- એક તરફ શંકરસિંહ વાઘેલા અને અમિત શાહ છે તો બીજીબાજુ અહમદ પટેલ છે.

અપર્ણા ગયા, કૌન બનેગા પ્રિન્સિપલ સેક્રેટરી...

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના પ્રિન્સિપલ સેક્રેટરી એસ.અપર્ણા સીએમઓમાંથી વિદાય લઈ રહ્યાં છે. તેમના માટે વર્લ્ડબેન્કના દ્વાર ખૂલ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની નિયુક્તિ વર્લ્ડબેન્કના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર તરીકે કરી છે જે પોસ્ટ પર પહેલાં સુભાષ ગર્ગ હતા. તેમની તાજેતરમાં જ કેન્દ્રના નાણા વિભાગમાં ઈકોનોમિક અફેર્સ સેક્રેટરી તરીકે નિયુક્તિ થઈ છે. હવે સવાલ એ આવે છે કે મુખ્યમંત્રીના પ્રિન્સિપલ સેક્રેટરી કોણ બનશે? હાલ તો કેન્દ્રમાં ડેપ્યુટેશન પર ગયેલા ગિરીશચંન્દ્ર મુર્મુનું નામ આવે છે પરંતુ તેઓ ગુજરાત પાછા આવે તે વાતમાં માલ નથી પરંતુ એ હકીકત છે કે હવે આ પોસ્ટ પર કોઈ મહિલા આઈએએસ ઓફિસર આવશે નહીં. સરકારને કોઈ ડાઈનેમિક ઓફિસરની જરૂર પડશે.

Ex CM શું સલાહકાર ન બની શકે? ચિલો પાડો...

કહેવાય છે કે ગુજરાત સરકારમાં સલાહકારોની અછત વર્તાય છે. સરકારને સલાહ આપનારા નિષ્ણાંતો ઓછા થઈ ચૂક્યા છે. ભૂતકાળની સરકારોમાં ત્રણ ત્રણ સલાહકારો સચિવાલયની અલાયદી ચેમ્બરમાં બેસતા હતા. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની સરકાર સમયે ત્રણ સલાહકારો હતા. મોદીની સરકારમાં બે સલાહકારો હતા. આજે માત્ર એક જ જળ સલાહકાર નવલાવાલા રૂપાણી સરકારમાં ફ્રી ઓફ કોસ્ટ સલાહ આપે છે. ખરા અર્થમાં તેઓ જળ સલાહકાર છે. ગુજરાતની વોટરને લગતી બાબતોમાં તેમના અભિપ્રાય અનુભવસિદ્ધ સાબિત થાય તેવા છે. એમના સિવાય બીજા કોઈ ઓફિસિયલ સલાહકાર નથી. રાજ્ય સરકાર ધારે તો ભારત સરકારની જેમ ઈકોનોમિસ્ટ, ટેકનોક્રેટ, એજ્યુકેશનાલિસ્ટ સહિતના એડવાઈઝર લઈ શકે તેમ છે. બેસ્ટ ઉપાય એ છે કે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ કે જેઓ હયાત છે તેમને સરકારમાં સન્માનભેર સલાહકારના સુપ્રિમ હોદ્દા આપી દેવા જોઈએ, પછી ભલે તે કોઈપણ પાર્ટીના હોય, સરકારને સાચી દિશામાં ગાઈડ કરી શકે છે...

૫.૫૦ કરોડનું બિલ્ડીંગ, મરામત ખર્ચ ૧૨૦ કરોડ...

આપણને સ્વર્ણિમ સંકુલ બનાવવા પાછળ ૨૦૦ કરોડનો ખર્ચ થતો હોય, વિધાનસભા બિલ્ડીંગની મરામત કરાવવાનો ખર્ચ ૧૨૦ કરોડ થતો હોય તો આપણને એ જાણીને આશ્ચર્ય થવું જોઈએ કે ગુજરાત વિધાનસભાનું ભવ્ય બિલ્ડીંગ બનાવવાનો ખર્ચ માત્ર ૫.૫૦ કરોડ રૂપિયા થયો છે. ૧૯૬૭માં વિધાનસભાના કાયમી મકાન માટે તત્કાલિન અધ્યક્ષ રાઘવજી લેઉઆએ ડિઝાઈન તૈયાર કરાવીને મંજૂર કરાવી હતી પરંતુ પૂર્વ અધ્યક્ષ કુંદનલાલ ધોળકિયાના કારણે વિધાનસભાનું આ બિલ્ડીંગ આકાર પામ્યું છે. ૧૯૭૫માં તેમણે આ બિલ્ડીંગ બનાવવામાં ખૂબ રસ લીધો હતો, છેવટે ૨૦મી માર્ચ ૧૯૭૮માં દેશના તત્કાલિન રાષ્ટ્રપતિ નિલમ સંજીવ રેડ્ડીએ બિલ્ડીંગનું ખાતમૂહૂર્ત કર્યા પછી બિલ્ડીંગનું ૮મી જુલાઈ ૧૯૮૨માં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ૩૫ વર્ષ પછી તેનું રિનોવેશન કરાવવામાં આવી રહ્યું છે.

રૂપાણીની ચીફ મિનિસ્ટર ઓફિસના પ્રિન્સિપલ સેક્રેટરી મહિલા અધિકાર નહીં હોય

રૂપાણીને મચ્છુ હોનારત યાદ આવી લાગે છે...

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી મચ્છુ હોનારતની યાદ અપાવે છે. ૧૧મી ઓગષ્ટ ૧૯૭૯ના રોજ મચ્છુ નદી પર આવેલો મચ્છુ ડેમ-૨ તૂટ્યો હતો. આખા મોરબી શહેરમાં પાણી ફરી વળ્યું હતું અને આ હોનારતમાં ૨૫૦૦૦ લોકોના મોત થયાં હતા. લાશોના ઢગલાં જોઈને મુખ્યમંત્રી બાબુભાઈ જસભાઈ પટેલ વ્યથિત બન્યા હતા. તેમણે આ પૂર હોનારત સમયે સચિવાલય મોરબીમાં ખોલ્યું હતું. તમામ બ્યુરોક્રેટ્સને તેઓ ત્યાં લઈ ગયા હતા અને રાહત કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી પાછા વળ્યા ન હતા. આ વખતે બનાસકાંઠામાં આવેલા પૂરને કારણે ભારે તારાજી થઈ છે ત્યારે વિજય રૂપાણી તેમના અધિકારીઓની ટીમ લઈને પાંચ દિવસ સુધી અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈ આવ્યા છે. મુખ્યમંત્રીમાં સહિષ્ણુતા હોવી એ જરૂરી છે. જે કરૂણા બાબુભાઈ પટેલમાં હતી તે વિજય રૂપાણીમાં જોવામાં આવી છે. મુખ્યમંત્રીએ પાંચ દિવસ સુધી તેમનો કેમ્પ પૂરગ્રસ્તો વચ્ચે રાખ્યો હતો, જે સેલ્યુટને હક્કદાર છે.

મોદી અને વજુભાઇની ફિલ્મો બંધ થઇ ગઇ છે...

ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા પછી નરેન્દ્ર મોદીએ મલ્ટીપ્લેક્સમાં જઈને ભાગ્યે જ કોઈ ફિલ્મ જોઈ હશે. મોદીએ ગાંધીનગરમાં અમિતાભ બચ્ચન સાથે 'પા' અને અનુપમ ખેર સાથે 'વેનસ્ડે' ફિલ્મ સાથે બેસીને જોઈ હતી, હવે અઢી કલાક સિનેમાહોલમાં બેસીને ફિલ્મ જોવાનો તેમને સમય નહીં મળતો હોય. વજુભાઈ વાળા જ્યારે ગુજરાતમાં મિનિસ્ટર હતા ત્યારે તેઓ સપ્તાહમાં અચૂક કોઈ મલ્ટીપ્લેક્સમાં જોવા મળી જાય, કેમ કે તેમને તમામ નવી ફિલ્મો જોવાનો શોખ છે. હવે તેઓ કર્ણાટકા રાજ્યના ગવર્નર છે ત્યારે તેઓને પ્રોટોકોલ નડતો હોવાથી જાહેરમાં ફિલ્મો જોઈ શકતા નથી પરંતુ ટીવી પર બેસીને ફિલ્મો જુએ છે. આપણા શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ફિલ્મો જોતાં નથી પરંતુ છેલ્લે તેમણે ઈંગ્લિશ મિડીયમ ફિલ્મ જોઈ છે. હવે દિલ્હીમાં લાલકૃષ્ણ અડવાણી નવરા છે તેથી ફિલ્મો જોવાના શોખિન થઈ ગયા છે. એથી ઉલ્ટું, ગુજરાતમાં આનંદીબહેન પટેલ નવરાં છે પણ તેઓ ફિલ્મ જોતાં નથી.

મોદી સે નહીં અબ અમિત સે ડર લગતા હૈ...

ગુજરાતમાં જ્યારે જ્યારે અમિત શાહ આવ્યા છે ત્યારે ત્યારે કોંગ્રેસ સતત ટેન્શનમાં હોય છે, કારણ કે કોંગ્રેસના નેતાઓ સાથે તેઓ હવે ડાયરેક્ટ વાતો કરે છે અને ઓફરો પણ કરતા હોય છે. ૨૦૧૨ અને ૨૦૧૪માં બનેલી ઘટનાઓ નજર સામે છે. ૨૦૧૭માં કોંગ્રેસના ક્યા ક્યા નેતાઓને અમિત શાહે ઈજન આપ્યું છે તેનું એક લિસ્ટ કોંગ્રેસના હાઈકમાન્ડે તૈયાર કર્યું છે. આ લિસ્ટ પ્રમાણે કોંગ્રેસના સિનિયર નેતાઓ તેમના સાથીદારોને મનાવવાના કામમાં લાગી ગયા છે. હજી તો પાંચ મહિના ભારે છે. કોંગ્રેસના નેતાઓ દર મહિને ટેન્શન કરે તેવો પ્લાન ઘડાયો છે. રાજ્યસભાની ચૂંટણી પહેલાં અમિત શાહની સવારી આવી છે ત્યારે કોંગ્રેસને ફાળ પડી છે અને એવો પ્રશ્ન પૂછાય છે કે અમારામાંથી કોણ ભાજપનો ખેસ પહેરશે?.. ગુજરાતમાં અમિત શાહનો ડર છે. ગુજરાત કોંગ્રેસ પહેલાં એકલા નરેન્દ્ર મોદીથી ડરતી હતી પણ હવે અમિત શાહનો પણ તેને ડર લાગે છે.

મોદીની અધુરી યોજનાઓ- હવે સમય નથી...

મોદી જે યોજનાઓ અધુરી મૂકીને ગયા છે તેને પૂર્ણ કરવા દિવસો ઓછા પડે છે

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં યોજાઈ ત્યારે મોદી જો ૧૦૦ બેઠકોથી વધારે બેઠકો મેળવી શક્યા હોય તો તેનું મુખ્ય કારણ તેમનું ચૂંટણી કેમ્પેઈન એક વર્ષ અગાઉ એટલે કે ૨૦૦૧, ૨૦૦૬ અને ૨૦૧૧માં શરૂ થઈ ચૂક્યું હતું. આજે ગુજરાતની ગાદી પર વિજય રૂપાણી બેઠાં છે પરંતુ તેમના હાથમાં ભૂતકાળમાં ભાજપની બગડેલી છબી સુધારવાનું કામ આવ્યું છે તેથી તેઓ સમય કાઢી શકતા નથી. ગુજરાતમાં રેકોર્ડબ્રેક ૪૬૧૦ દિવસ સુધી નરેન્દ્ર મોદીએ શાસન કર્યું છે. આટલા દિવસોમાં મોદીએ ૪૫૦૦ યોજનાઓ શરૂ કરી હતી. આ યોજનાઓ પૈકી ૩૦૦૦ યોજનાઓ તો તેમના જ સમયમાં પૂર્ણ થઈ ચૂકી હતી પરંતુ બાકીની યોજનાઓ હજી પેન્ડીંગ બોલે છે ત્યારે રૂપાણી પાસે માત્ર પાંચ મહિનાનો સમય છે.

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત